# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૫-A તા.૨૪-૧૧-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- વધ-ઘટ બદલી કેમ્પ બાબત.**

**સંદર્ભ :- પ્રા.શિ.નિ.શ્રી ગુ.રા. ગાંધીનગરના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૨૦/ક/૬૩૪૧-૬૩૯૩ તા.૧૨/૧૧/૨૦**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૨૭-૧૧-૨૦૨૦ ના રોજ તમારી શાળામાં વધ વાળા શિક્ષકશ્રીએ કેમ્પના સ્થળે અવશ્ય હાજર રહી સ્થળ પસંદ કરવાનું રહેશે અન્યથા કેમ્પ બાદ એક તરફી હુકમ કરવામાં આવશે અને પાછળથી આવા શિક્ષક દ્વારા કોઇ હકક દાવો કરી શકાશે નહિ.

૧. વધના લીધે બદલવામાં આવેલા શિક્ષક/વિદ્યાસહાયકને મુળ શાળા/ઝોન માટે સરકારશ્રીના તા.સંદર્ભ-૨ વાળા તા.૫/૬/૨૦૨૦ના ઠરાવની જોગવાઇ મુજબ લાભ મળવાપાત્ર થતો હોય તેવા કિસ્સામાં મૂળ શાળા/ઝોનનો લાભ લેવાપાત્ર શિક્ષકશ્રીએ આ સાથે સામેલ રાખેલ **વધ મુળ શાળા/ઝોન માટે પરત જવા માટેની અરજી** નિયત નુમનામાં માહિતી ભરી આધાર પુરાવા સાથે કેમ્પમાં રૂબરૂ હાજર રહેવાનું રહેશે. તે જ રીતે સી.આર.સી.-યુ.આર.સી.ની પ્રતિનિયુક્તિ રદ થતાં અન્ય ઝોનમાં બદલી થયેલ સીઆરસી-યુઆરસીને પણ આ નિયમ લાગુ પડશે. કેમ્પમાં હાજર ન રહેનાર શિક્ષક કેમ્પ બાદ મુળ શાળા/ઝોનનો કોઇ હકક દાવો કરી શકાશે નહિં. આ બાબતની જાણ લાગુ પડતા તમામ શિક્ષકશ્રીઓને કરવાની રહેશે.

૨. વધ હેઠળની બદલી થયાના હુકમની તારીખ પછી યોજવામાં આવનાર પાંચ વધ-ઘટ બદલી કેમ્પ સુધી મુળ શાળા/ઝોનમાં પરત આવવાની માંગણી કરી શકાશે પરંતુ આવા શિક્ષક દ્વારા જે કેમ્પમાં તે ઝોનમાં જગ્યા ઉપલબ્ધ હોવા છતાં તે શિક્ષક દ્વારા ઉપલબ્ધ જગ્યાઓ પૈકીની કોઇ એક જગ્યાની પસંદગી નહી કરવામાં આવે તો ત્યારબાદ તે શિક્ષક આ હેતુસર મુળ ઝોનમાં પરત આવવા પાત્ર ગણાશે નહી. આ બાબતમાં સબંધિત શિક્ષકએ આ તક કાયમી જતી કરેલ છે તેમ ગણીને તેઓ લેખિત હુકમ કરી તે બાબતની નોંધ સબંધિત શિક્ષકશ્રીની સેવાપોથીમાં કરવામાં આવશે. આવી તક જતી કરનાર શિક્ષકને આ જોગવાઇ સંબંધે ભવિષ્યમાં કોઇ જ અન્ય તક મળવાપાત્ર થશે નહી.

૩. મદદનીશ શાસનાધિકારીશ્રીએ તા.૩૧-૮-૨૦૨૦ના મંજૂર મહેકમ સામે તા૨૪-૧૧-૨૦૨૦ની સ્થિતિએ કામ કરતા શિક્ષકની સ્થિતિએ વધની માહિતી તૈયાર કરવાની રહેશે. સદરહું વધના શિક્ષકની માહિતી સબંધિત શિક્ષકશ્રીની સેવાપોથી આધારે તૈયાર કરી રજૂ કરવાની રહેશે અને આ સાથે સામેલ રાખેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૪. તા.૨૪-૧૧-૨૦૨૦ના રોજ મુખ્ય ઓફિસ ખાતેની મિટીગ તથા વિડીયો કોન્ફરન્સમાં આપેલ સૂચના મુજબ વધની માહિતી નિયત નમૂના પત્રકમાં તૈયાર કરી તા.૨૫-૧૧-૨૦૨૦ના રોજ મોડામાં મોડી ૧૫:૦૦ કલાક સુધીમાં સોફ્ટકોપી તથા હાર્ડકોપીમાં મોકલી આપવાની રહેશે.

૫. તમામ અધિકારીશ્રીઓએ કેમ્પમાં તમારા ઝોનના જરૂરી રેકર્ડ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

૬. વધવાળા શિક્ષકશ્રી તથા મુળ શાળા/ઝોનનો લાભ મળવાપાત્ર શિક્ષકશ્રીઓએ આ સાથે સામેલ રાખેલ પ્રમાણપત્ર તથા જરૂરી આધાર પુરાવા સહ કેમ્પમાં હાજર રહેવાનું રહેશે.

૭. હાલ કોવિડ-૧૯ મહામારી સંદર્ભે કેમ્પમાં વધ સિવાયના અન્ય કોઇ શિક્ષક ઉપસ્થિત ન રહે તે તમામ શાળાઓને સૂચના આપવાનું રાખશો તથા વધ કેમ્પમાં ઉપસ્થિત રહેનાર શિક્ષકશ્રીએ માસ્ક અવશ્ય પહેરવાનું રહેશે તથા શક્ય હોય ત્યાં સુધી સેનીટાઇઝર સાથે રાખી તેનો સમયાંતરે ઉપયોગ કરવાનો રહેશે અને સોશીયલ ડીસ્ટન્સ ફરજિયાત જાળવવાનું રહેશે. તેમજ વધ શિક્ષકશ્રીએ પોતાનું ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

૮. જો કોઈ વધવાળા શિક્ષક પોતે કોરોના પોઝીટીવ હોય અથવા હોમ કવોરોન્ટાઈન હોય તો આવા શિક્ષકોએ તેમના વતીથી તેમના મુખ્ય શિક્ષક અથવા તેમના સ્ટાફ પૈકી કોઈપણ એક શિક્ષકને સ્થળ પસંદગી કરવાની સત્તા આપતું લેખિત બાંહેધરી પત્રક આપવાનું રહેશે. આ બાંહેધરી પત્રકમાં જે તે શિક્ષક, જે-તે શાળાના મુખ્ય શિક્ષક અને જે-તે બિટના બિટ સુપરવાઈઝરશ્રીની સહી હોવી જોઈએ.

તા.૨૪-૧૧-૨૦૨૦

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની શાળાઓમાં તા.૨૪-૧૧-૨૦૨૦ની સ્થિતિએ કામ કરતા શિક્ષકો પૈકી વધમાં આવતા શિક્ષકોએ તા૨૭-૧૧-૨૦૨૦ના રોજ નીચે આપેલ સમય મુજબ કેમ્પમાં આવવાનું રહેશે.

- દરેક શિક્ષકે પોતાના ઝોનને ફાળવેલ સમયથી ૧૫ મિનીટ પહેલાં બીનચૂક રીતે ઉપસ્થિત રહેવું
- દરેક શિક્ષકે વધ/મૂળ શાળામાં પરત જવા માટેની નમુના મુજબની અરજી, આઈ.કાર્ડ પોતાની સાથે રાખવાનું રહેશે.
- કોઈપણ બીન અપેક્ષિત વ્યક્તિ કેમ્પના સ્થળે હાજર રહી શકશે નહી.

| ક્રમ | ઝોન | કેમ્પનો સમય |
|---|---|---|
| ૧ | ઉત્તર ઝોન | ૯-૦૦ થી ૯-૪૫ |
| ૨ | દક્ષિણ ઝોન | ૯-૪૫ થી ૧૦-૩૦ |
| ૩ | પૂર્વ ઝોન | ૧૦-૩૦ થી ૧૦-૫૦ |
| ૪ | પશ્ચિમ ઝોન | ૧૦-૫૦ થી ૧૧-૧૫ |
| ૫ | મધ્ય ઝોન | ૧૧-૧૫ થી ૧૧-૪૫ |
| ૬ | હિન્દી ઝોન | ૧૧-૪૫ થી ૧૨-૦૦ |
| ૭ | ઉર્દૂ ઝોન | ૧૨-૦૦ થી ૧-૦૦ |
| ૮ | અંગ્રેજી ઝોન | ૧-૦૦ થી ૧-૧૦ |
| ૯ | ઉત્તર પશ્ચિમ ઝોન | ૧-૧૦ થી ૧-૪૦ |
| ૧૦ | દક્ષિણ પશ્ચિમ ઝોન | ૧-૪૦ થી ૨-૧૦ |
|  | વિરામ | ૨-૧૦ થી ૨-૪૫ |
| ૧૧ | સ્કૂલ બોર્ડ કક્ષાનો(જિલ્લા કક્ષાનો ) જનરલ કેમ્પ | ૩-૦૦ થી |

## પ્રમાણપત્ર

(વધના શિક્ષક માટે)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે તા.૩૧-૦૮-૨૦૨૦ની સ્થિતિએ ................ શાળા નં......... ઝોન.............. ધો.૧ થી ૫નું મંજૂર મહેકમ ............... છે અને ધો.૬ થી ૮ નું મંજૂર મહેકમ .............. (ભાષા..........,ગણિત.......... સા.વિ..........) છે.. તેની સામે કામ કરતા શિક્ષકો પૈકી નીચે મુજબની વધ ઉભી થવા પામેલ છે.

શ્રી.........................................ની પ્રાથમિક (ધો.૧ થી ૫) / ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૮) વિષય............ની વધ થતાં તેઓની હાલની શાળામાં દાખલ તા.............., ખાતામાં દાખલ તા................... અને જન્મ તારીખ ............. છે. જેની રેકર્ડ આધારે ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ : મુખ્ય શિક્ષકના સહી અને સિકકા મદદનીશ શાસનાધિકારીશ્રીના સહી અને સિકકા

સ્થળ :

## પ્રમાણપત્ર

(મૂળ શાળા માટે પરત આવવા માટે)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી.........................................ની વધના / સીઆરસી-યુઆરસીની પ્રતિનિયુક્તિ રદ થવાના કારણોસર .............. શાળા નં....... ઝોન......... ખાતેથી તેઓની બદલી અત્રેના ............. ઝોનની ................ શાળા નં..... માં થતાં તેઓ તા.................... રોજ ફરજ ઉપર હાજર થયેલ છે. જેની રેકર્ડ આધારે ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(તેઓની ''વધ મુળ શાળા / ઝોન માટે પરત જવા માટેની અરજી'' તથા બદલી આદેશની નકલ સામેલ છે. )

તારીખ : મુખ્ય શિક્ષકના સહી અને સિકકા મદદનીશ શાસનાધિકારીશ્રીના

સ્થળ : સહી અને સિકકા

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

વધ / મુળ શાળા માટે પરત જવા માટેની અરજી

(૧) શિક્ષકનું નામ :

(૨) હાલની શાળાનું નામ : (૩) પે કેન્દ્રનું નામ :

(૪) ઝોન

(૫) જન્મ તારીખ (૬) હાલની શાળામાં દાખલ તારીખ

(૭) ખાતામાં દાખલ તારીખ

(૮) વિભાગ (પ્રાથમિક કે ઉચ્ચ પ્રાથમિક )

(૯) જો ઉચ્ચ પ્રાથમિક હોય તો વિષય (ભાષા,ગણિત,સા.વિ.)

(૧૦) જે શાળામાંથી વધ પડી તે શાળાની વિગત (યુઆરસી-સીઆરસીની કિસ્સામાં કલસ્ટર/બ્લોકની વિગત ભરવી)

- શાળાનું નામ - જૂથનુ નામ - તાલુકો
- જે શાળામાંથી વધ પડી તે શાળામાં દાખલ તારીખ : - ખાતામાં દાખલ તારીખ

(૧૧) વધ/યુઆરસી-સીઆરસી પ્રતિનિયુક્તિ રદના કિસ્સામાં હુકમ તારીખ
(હુકમની નકલ અવશ્ય જોડવી)

મારી ઉપર મુજબની વિગતો અનુસાર હું વધ/યુઆરસી-સીઆરસી પ્રતિનિયુક્તિથી હાલના સ્થળે ફરજ બજાવું છું અને વધ બદલી કેમ્પમાં હું સરકારશ્રીના વખતો વખતના ઠરાવની જોગવાઈ અનુસાર હું મૂળ શાળા/ ઝોનનો લાભ લેવા માગું છું. તો મને સરકારશ્રીના વખતો વખતના ઠરાવની જોગવાઈ અનુસાર લાભ મળવાપાત્ર થતો હોય તો આપવા વિનંતી છે અને સરકારશ્રીના ઠરાવની જોગવાઈ અને બંધનકર્તા રહેશે..

શિક્ષકની સહી :..............................

તારીખ

---

ઉપરની વિગતો અમોએ જો રેકર્ડ આધારે ચકાસણી કરેલ છે. જે તમામ વિગતો સાચી છે.

મુખ્ય શિક્ષકશ્રીની સહી અને સિકકો મદદનીશ શાસનાધિકારીશ્રીની સહી અને સિકકો

તારીખ

બિડાણ :

૧ વધ બદલી/ યુઆરસી-સીઆરસી પ્રતિનિયુક્તિ રદ હુકમની નકલ

૨ હાજર અને છુટા થયાના રીપોર્ટની નકલ

૩ નિયત નમુનાનું પ્રમાણપત્ર